# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

ક્રમાંકઃS.S/RMSA/એક પેડ માં નામ/૨૦૨૫/ 11287-11289 તા:-19 /૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી,ગ્રાન્ટેડ,ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિલ્લો /સુરત કોર્પોરેશન

આ સાથે સામેલ સચિવશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્ર ક્રમાંક એસએસ/QE CELL/૧/૨૦૨૫/૫૨૭૮૨-૮૫૪ તારીખ-૧૮/૦૯/૨૦૨૫ ના પત્રની જાણ અને અમલ કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૯, ગાંધીનગર

નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂં :-

(૧) પ્રતિશ્રી BRC / URC / BRP/ CRC તમામ, સુરત જિલ્લો/ સુરત કોર્પોરેશન.

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail –gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/૫૨૭૮૨-૮૫૪ તા-૧૮.૦૯.૨૦૨૫

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા- તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

**વિષય : "એક પેડ માં કે નામ 2.0" અંતર્ગત શાળા કક્ષાએ વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરવા બાબત**
**સંદર્ભ-MoE નવી દિલ્હીનો પત્ર**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૫મી જૂન ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે દેશના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા માતા પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનના પ્રતિક સ્વરૂપે તેમજ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું. માન.વડાપ્રધાનશ્રીએ આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. માન.વડાપ્રધાનશ્રીના આ પર્યાવરણ પ્રિય વિચારોને આત્મસાત કરીને સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ તથા ગ્રીન કવરની વૃદ્ધિ માટે 'એક પેડ માં કે નામ' અભિયાનને રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં જન આંદોલન સ્વરૂપે વિસ્તારવા માટે તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ એ પર્યાવરણીય જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ છે, જેમાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્થાનિક સમુદાય, SMC-SMDCના સભ્યો, તેમજ અન્ય નાગરિકો એક વૃક્ષ વાવે છે અને તેને પોતાની માતાને નામે સમર્પિત કરે છે. આ કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય છે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને વ્યક્તિગત જોડાણ ઊભું કરવાનું છે.

વધુમાં સંદર્ભદર્શિત પત્ર અન્વયે તા-૧૭.૦૯.૨૦૨૫ થી તા-૦૨.૧૦.૨૦૨૫ દરમિયાન "એક પેડ માં કે નામ 2.0" અંતર્ગત વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરવા જણાવેલ છે.જે અંગે 'એક પેડ માં કે નામ 2.0' કાર્યક્રમ અંતર્ગત રાજ્યની તમામ શાળાઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે તા-૧૭.૦૯.૨૦૨૫ થી તા-૦૨.૧૦.૨૦૨૫ દરમિયાન ખાસ ઝુંબેશનું આયોજન હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

ઉક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાની તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને (સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ)ને આ ખાસ ઝુંબેશમાં જોડાવા માટે તેમજ શાળાઓ દ્વારા ખૂબ અસરકારક કામગીરી થાય તે માટે આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી છે.

( શિલ્પા પટેલ )
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

બિડાણ-સંદર્ભદર્શિત પત્ર

નકલ સવિનય રવાના:

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી